No: CHE/Admin/2010/ 27013
Office of the
**Commissioner of Higher Education**
**Block No 12, Second Floor,**
**Dr Jivraj Mehta Bhavan,**
**G. S., Gandhinagar.**
**Phone: (079) 23253991, 23254000**
**Fax : 23252240**

સમય મર્યાદા / ટોચ અગ્રતા

**Joint Director**

તા.30/12/2010

**પ્રતિ,**
**કુલસચિવશ્રી,**
ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી,
અમદાવાદ.

**વિષયઃ- "ગુજરાત ક્વિઝ" અંતર્ગત થનાર "ક્વિઝ સ્પર્ધા" ના આયોજન અને વ્યવસ્થા બાબત..**

**મહોદય,**

ગુજરાત રાજ્યમાં સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી સંદર્ભે ગુજરાત ક્વિઝ કાર્યક્રમનું આયોજન થઈ રહ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત ગુજરાતની નવી પેઢીને ગુજરાતની વિશેષતાઓ અને વારસાની સમજ આપતી ક્વિઝ સ્પર્ધા યોજાનાર છે.

આ સ્પર્ધા યુનિવર્સિટી ભવન, યુનિવર્સિટી, જિલ્લા સ્તરે(સંલગ્ન કોલેજો માટે) , રાજ્ય સ્તરે આમ કુલ ચાર સ્તરે યોજાશે. આ સ્પર્ધા હેઠળ વિજેતાઓને વિવિધ ઈનામો દ્વારા પ્રોત્સાહન આપવામાં આવશે.આપના ભવનમાં ક્વિઝ સ્પર્ધા યોજી ગુજરાત ક્વિઝ કાર્યક્રમની શરૂઆત કરવાની રહેશે. આ સાથે ગુજરાત ક્વિઝ કાર્યક્રમની રૂપરેખા અને અન્ય વિગતો સામેલ છે.

આપના ભવનમાં તેમજ સંલગ્ન કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આ સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રોત્સાહન પૂરું પાડશો અને તે માટે સુવ્યવસ્થિત આયોજન દ્વારા આ કાર્યક્રમનો અમલ કરશો અને આ કાર્યક્રમ દ્વારા સિધ્ધ કરવાના હેતુઓને સાર્થક કરશો તેવી અપેક્ષા છે.

(ડૉ આર. યુ. પુરોહીત)
**સંયુક્ત શિક્ષણ નિયામક**

નોંધ :

1. આ કાર્યક્રમની રૂપરેખા પછી ગુજરાત ક્વિઝના આયોજન અંગેની અન્ય વિગતો અને સુચનાઓ ટૂંક સમયમાં મોકલી આપવામાં આવશે.
2. રૂપરેખાની નકલ આપની યુનિવર્સિટી સાથે જોડાણ ધરાવતી તમામ કોલેજો ના આચાર્યશ્રીઓને ત્વરિત, ફરજીયાત મોકલી આપવાની રહેશે.

બિડાણઃ ઉપર મુજબ.

Ahmedabad
1 JAN 2011
Inward No.
Section : 6774

## ગુજરાત ક્વિઝ કાર્યક્રમની રૂપરેખા

---

**ગુજરાતના સુવર્ણ જયંતી વર્ષમાં માતૃભૂમિ ગુજરાત પ્રત્યેની નિષ્ઠા અને ગૌરવને સ્પર્શતી ગુજરાત ક્વિઝ કાર્યક્રમની રૂપરેખા**

---

### ગુજરાત ક્વિઝ: ગુજરાત ગૌરવનો અનોખો માપદંડ

સ્વર્ણિમ ગુજરાતની નવી પેઢીને ગુજરાતની વિશેષતાઓ અને વારસાની સમજ આપતી અભુતપૂર્વ અને આધારભૂત પ્રશ્નબેંક તથા ઑનલાઇન ક્વિઝ રમવાની સવલત ધરાવતી www.gujaratquiz.in વેબસાઇટને ગુજરાતી વિશ્વ અને વિશ્વના ગુજરાતીઓ માટે ખુલ્લી મુકવામાં આવેલ છે.

માતૃભૂમિ ગુજરાત પ્રત્યેની નિષ્ઠા અને ગૌરવના માપદંડ Gujarat Quotient (GQ) અંગે વિદ્યાર્થીઓમાં જાણકારી વધે, તેમના ગુજરાત વિશેના જ્ઞાનમાં વધારો થાય, માતૃભૂમિ પ્રત્યેનો આદર વધે અને પરસ્પર તંદુરસ્ત સ્પર્ધાનું વાતાવરણ બને તે માટે વિશ્વસ્તરની ગુજરાત કેન્દ્રી ક્વિઝ કૉમ્પિટીશનનું આયોજન કરવામાં આવેલ છે.

### ગુજરાત અને ગુજરાતીઓ માટે ગૌરવરૂપ GQ (ગુજરાત ક્વિઝ કૉમ્પિટીશન) દ્વારા શ્રેષ્ઠ પ્રતિભાખોજના ધ્યેયો:

- સમગ્ર ગુજરાતના યુવાધનને સ્વર્ણિમ ગુજરાતના બેનમૂન અને સમૃદ્ધ વારસાનો પરિચય આપવો
- તેને ગુજરાતની ઐતિહાસિક, સાંસ્કૃતિક, સાહિત્યિક, ભૌગોલિક, ઔદ્યોગિક અને શૈક્ષણિક ઓળખ સમાન વિશેષતાઓનો સાચો ચિતાર આપી જ્ઞાનની ક્ષિતિજો વિકસાવવી
- ગુજરાતના ગૌરવસમાન વ્યક્તિવિશેષો અને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતી ગુજરાતી પ્રતિભાઓની ઓળખ દ્વારા આજના યુવાધનને પ્રેરણા પૂરી પાડવી
- ગુજરાતની નવી પેઢીમાં ગુજરાત પ્રત્યેની નિષ્ઠા, નિસબત અને ગૌરવનો પુનઃસંચાર કરવો.
- સ્પર્ધાત્મક પરીક્ષા માટે સક્ષ અને સક્ષમ યુવાધનને પ્રોત્સાહન
- ગુજરાતની વિશેષતાઓ અને વારસાની સાચી સમજ આપતી અભૂતપૂર્વ અને આધારભૂત પ્રશ્નબેંકનું સર્જન
- તંદુરસ્ત અને સાર્થક સ્પર્ધાનું વાતાવરણ સર્જવું
- શિક્ષણ જગત અને સમાજમાં જ્ઞાનના આદાન-પ્રદાનની આબોહવાને વેગ આપવો
- અવિરત ચાલતા ગુજરાત જ્ઞાનયજ્ઞમાં સૌ ગુજરાતીઓની સક્રિય ભાગીદારી અને આહૂતી મેળવવી.

સ્વર્ણિમ ગુજરાતના વર્ષે યોજાઈ રહેલી આ સ્પર્ધા તેના વ્યાપ અને વિસ્તાર ઉપરાંત સ્પર્ધા સાથે સંકળાયેલા ગુજરાત ગૌરવને કારણે અભૂતપૂર્વ અને અનોખી બની રહેશે. ગુજરાત ક્વિઝના વિજેતાઓને મળનારા માન-સન્માન, ઈનામી રકમ અને વિશ્વસ્તરની પ્રસિદ્ધિ તેમના માટે આજીવન સંભારણું અને અન્ય માટે પ્રેરણા સમાન બની રહેશે. ગુજરાત ક્વિઝમાં વિજેતા બનનાર સ્પર્ધક ભાઈ-બહેનો ઈનામી રકમ મેળવવાને હકદાર બનશે .

### <u>આયોજન</u>

વિશ્વભરમાં અનન્ય અને અભૂતપૂર્વ કહી શકાય તેવી - પોતાના વતન પ્રત્યેના નિષ્ઠા અને ગૌરવનો માપદંડ જીક્યુ જાણવા માટે યોજાનારી આ સ્પર્ધા કુલ ચાર સ્તરે યોજાશે.

૧. ગુજરાત ક્વિઝનો પ્રથમ રાઉન્ડ કોલેજ સ્તરે યોજાશે.

૨. ગુજરાત ક્વિઝનો બીજો રાઉન્ડ **ક્લસ્ટર સ્તરે** યોજાશે.

૩. ગુજરાત ક્વિઝનો ત્રીજો રાઉન્ડ **જીલ્લા સ્તરે** યોજાશે.

૪. ગુજરાત ક્વિઝનો ચોથો અને અંતિમ રાઉન્ડ **રાજ્ય સ્તરે** યોજાશે.

<u>ગુજરાત ક્વિઝ **GQ CHAMP** પ્રથમ રાઉન્ડ</u>

દરેક કોલેજના શ્રેષ્ઠ બે વિજેતા (1 વિદ્યાર્થી અને 1 વિદ્યાર્થીની)ની પસંદ કરવાની પ્રક્રિયા...

- દરેક કોલેજે પોતાની કોલેજમાં એક વિદ્યાર્થી અને એક વિદ્યાર્થીનીની પસંદગી કરવાની રહેશે. આ માટે કોલેજ દ્વારા ઈન્ટરક્લાસ ક્વિઝ (સ્પર્ધા) યોજવાની રહેશે.
- આપની સંસ્થાના તમામ વિદ્યાર્થીઓને ગુજરાત ક્વિઝના પ્રથમ તબક્કામાં ભાગ લેવાની સમાન તક મળે તેવું આયોજન અનિવાર્ય છે.
- આ ક્વિઝ રમાડવા માટે તેમને મળેલી **સ્વર્ણિમ ગુજરાત ક્વિઝ પ્રવેશિકા**નો આધાર લેવાનો રહેશે.
- આ ક્વિઝમાં ભાગ લેવા માટે દરેક વિદ્યાર્થીએ **સ્વર્ણિમ ગુજરાત ક્વિઝ પ્રવેશિકા** પુસ્તકનો કે વેબસાઈટ પર મુકવામાં આવેલ ક્વિઝ કીટનો માર્ગદર્શન માટે આધાર રાખવાનો રહેશે. કોલેજોએ આ બાબતમાં વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડવાનું રહેશે.
- દરેક કોલેજે **સ્વર્ણિમ ગુજરાત ક્વિઝ પ્રવેશિકા**ના કુલ ૫૦૦ પ્રશ્નોમાંથી ૬૦ પ્રશ્નો પસંદ કરી લેખિત સ્વરુપે સ્પર્ધા યોજવાની રહેશે અને કોલેજ દીઠ ૧ વિદ્યાર્થી અને ૧ વિદ્યાર્થીની ની પસંદગી કરવાની રહેશે.
- આ પસંદ કરેલ વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓના નામ ગુજરાત ક્વિઝની વેબસાઈટ www.gujaratquiz.in પર મોડામાં મોડા તા. 20/12/2010 સુધીમાં જરૂરી વિગતો જેવીકે વિદ્યાર્થીનું પુરૂ નામ, વર્ગ, રોલ નં, મોબાઈલ નંબર, ઈ-મેલ આઈ.ડી તેમજ આચાર્યશ્રીની વિગતો સાથે અપલોડ કરવાનું રહેશે.